# મધ્ય ગુજરાત

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 **ગોધરા કાર્યાલય :** પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080 **સોમવાર ૨૩ માર્ચ, ૨૦૨૬**



## સંક્ષિપ્ત સમાચાર

### કાલોલના કનેટિયા ગામે 36 પરગણા રૂખી વાલ્મિકી સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા નવા હોદ્દેદારોની વરણી



કાલોલ : પંચમહાલ જિલ્લા 36 પરગણા રૂખી વાલ્મિકી સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા નવા હોદ્દેદારોની વરણી અને 1998 માં નોંધાયેલ આ સેવા ટ્રસ્ટ છેલ્લા 28 વર્ષથી કાર્યરત છે આ સેવા ટ્રસ્ટ સમાજના ઉદ્ધાર અને વિકાસ માટે કામ કરી રહ્યું છે કાલોલના કનેટિયા ગામ ખાતે આ 36 પરગણા ની એક બેઠક યોજાઇ હતી રામેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું સોમાભાઈ સોલંકી ના અધ્યક્ષપના હેઠળ આ સમિતિઓની રચના કરવામાં આવી હતી જેમાં ટ્રસ્ટના પ્રમુખ સોમાભાઈ સોલંકી ની વરણી કરવામાં આવી હતી અને હાઈ પાવર કમિટીના અધ્યક્ષ તરીકે કિરણકુમાર કેશવભાઈ કોન્ટ્રાક્ટરની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી સંતો મહંતોની ઉપસ્થિતિમાં આ વરણી બે વર્ષ માટે કરવામાં આવી છે બેઠકના અંતમાં રાષ્ટ્રગાન પણ કરવામાં આવ્યું હતું.છેલ્લે કનેટિયા પરિવાર તરફથી મહાપ્રસાદ નું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

### સુખસરમાં બેનેશ્વર ધામના પીઠાધીશ્વર અચ્યુતાનંદજી મહારાજના આગમનથી ભક્તિમય માહોલ



સુખસર : સુખસર ખાતે દયાળુ હનુમાનજી મંદિર પરિસરમાં ભવ્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અચ્યુતાનંદજી મહારાજના પધારવાથી સમગ્ર વિસ્તારમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. સુખસરના વિજયભાઈ પંચાલ દ્વારા સુંદરકાંડ પાઠ તથા ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સુખસર તેમજ આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં ભક્તો મહારાજના દર્શન માટે ઉમટી પડ્યા હતા.અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન રાજ્યના કૃષિ તથા મંત્રી રમેશભાઈ કટારા પણ ઉપસ્થિત રહી મહારાજના દર્શન કરી આશીર્વાદ લીધા હતા.

### જ શિનોર તાલુકામાં વાવાઝોડાએ વિનાશ વેર્યો, ખેડૂતોને ખેડૂતોને પ્રતિ વિઘા 12 હજારનું નુકસાન



શિનોર : શિનોર તાલુકાના અનેક ગામોમાં તેજ પવનના ઝાપટાં સાથે ખેતરોમાં તૈયાર અવસ્થામાં ઉભેલા મકાઈના પાકો ઢળી પડ્યા હતા. ખેડૂતોના જણાવ્યા પ્રમાણે પ્રતિ વિઘા અંદાજે 12 હજાર જેટલો ખર્ચ થયો હતો, અને પાક તૈયાર થવામાં માત્ર 10થી 15 દિવસનો સમય જ બાકી રહ્યો હતો. તેવા સમયે કુદરતી આફતે ખેડૂતોના મોઢામાંથી કોળિયો છીનવી લીધો હોવાનું ખેડૂતોએ વ્યથા વ્યક્ત કરી હતી. આ અચાનક થયેલા નુકસાનને કારણે ખેડૂતો માટે નફો મેળવવો તો દૂરની વાત રહી, પરંતુ કરેલો ખર્ચ પણ પાછો મળશે કે નહીં તેવી ચિંતાજનક સ્થિતિ ઊભી થઈ છે.

### પીપલોદ બ્રિજ નીચે રેતીભર્યા ડમ્પરોથી જોખમ, સ્થાનિકોમાં રોષ વ્યાપ્યો



દાહોદ : દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના પીપલોદ ગામે પીપલોદ-બારીયા રોડ પર આવેલ બ્રિજ નજીક ગંભીર પરિસ્થિતિ સર્જાઈ રહી છે. બારીયા તરફથી આવતા રેતી ભરેલા મોટા ડમ્પરો અને ટ્રકો પીપલોદ નેશનલ હાઈવે તરફ ઉતરતા સમયે બ્રિજ નીચે વારંવાર રિવર્સ લેતા હોય છે. આ દરમિયાન ભારે વાહનોના ટાયરો અચાનક ફાટી જવાના બનાવો રોજબરોજ બનતા હોય છે.ટાયરો ફાટતા જ પથ્થર અને કાંકરા તેજ ગતિએ ઉડીને પાછળ આવતા નાના વાહનો, ટુ-વ્હીલર સવારઓ તેમજ રસ્તા પાસે આવેલી દુકાનો સુધી પહોંચે છે. જેના કારણે અકસ્માતની ભીતિ સતત વધતી જાય છે.

### કાલોલમાં મોડિફાઈડ સાયલેન્સર લગાવી બુલેટ સાથે ભયજનક સ્ટંટ કરતા ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી



કાલોલ : કાલોલ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર આર.ડી. ભરવાડની આગેવાની હેઠળ શહેરના મુખ્ય માર્ગો પર પેટ્રોલિંગ કરી રહીં હતી. આ દરમિયાન કેટલાક બુલેટ ચાલકો મોડિફાઈડ સાયલેન્સર લગાવી કાન ફાડનારો અવાજ કરતા અને પુરઝડપે ગાડી ચલાવી જાહેર જનતાનો જીવ જોખમમાં મૂકતા સ્ટંટ કરતા નજરે પડ્યા હતા જ્યાં પોલીસે તરત જ ઘેરાબંધી કરી 3 બુલેટ ચાલકોને બાઇક સહિત ઝડપી લીધા હતા જ્યાં ઝડપાયેલા તમામને કાલોલ પોલીસ સ્ટેશન ખાતે લઈ જઈ મોટર વ્હિકલ એક્ટ હેઠળ દંડ-સાથે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

---

**ખીણમાં પડેલા યુવકનો બચાવ થતા લોકોને રાહત**

## પાવાગઢ ભદ્રકાલી માતાના મંદિરે જવાના રસ્તા પર એક યુવક ખીણમાં ખાબક્યો

ફાયર ટીમ અને પોલીસની સતર્ક કામગીરીથી જીવ બચ્યો



(પ્રતિનિધિ) હાલોલ, તા.22
ચૈત્રી નવરાત્રી નિમિત્તે લાખો શ્રદ્ધાળુઓ યાત્રાધામ પાવાગઢ ખાતે મહાકાળી માતાના દર્શન માટે ઉમટી રહ્યા છે. આવા ધાર્મિક માહોલ વચ્ચે આજે ભદ્રકાલી માતાના દર્શન કરવા જતા માર્ગ પર એક યુવક ખીણમાં પડી જવાની ઘટના બનતા થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ભદ્રકાલી માતાના મંદિરે જવાના રસ્તા પર એક યુવક અચાનક ખીણમાં ખાબક્યો હતો. ઘટનાની જાણ થતા આસપાસના લોકો મોટી સંખ્યામાં સ્થળ પર એકત્ર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ હાલોલ નગરપાલિકાની ફાયર ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી.મહેનતભર્યા પ્રયાસો બાદ યુવકને ખીણમાંથી સલામત બહાર કાઢવામાં આવ્યો હતો. ત્યારબાદ તરત જ 108 એમ્બ્યુલન્સ દ્વારા તેને સારવાર અર્થે હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો યુવકની ઓળખ પરમાર તૃષારકુમાર અરવિંદભાઈ (ઉંમર 22 વર્ષ), રહે. વડતાલ, તા. જી. આણંદ તરીકે થઈ છે. જરૂરી સારવાર બાદ યુવકની તબિયત સુધરતા તેને રજા આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

આ સમગ્ર ઘટનામાં ફાયર ટીમ અને પોલીસ તંત્રની ઝડપી અને સરાહનીય કામગીરીના કારણે યુવકનો આબાદ બચાવ શક્ય બન્યો હતો.

---

**ન્હાવા માટે ઉતરેલો યુવક અન્ય રાજયમાંથી આવ્યો હતો**

## શિનોરના અંબાલી પાસે નર્મદા પરિક્રમા દરમિયાન 21 વર્ષીય યુવક તણાઈ ગયો



(પ્રતિનિધિ) શિનોર, તા.22
વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના અંબાલી ગામ નજીક આવેલી શ્રી માઁ આશ્રમ ખાતે બહાર થી નર્મદા પરિક્રમા કરવા આવેલા બાર જેટલા મિત્રોનો એક સંઘ ઉત્તર વાહીની નર્મદા મૈયા ની પંચકોષી પરિક્રમા કરવા જવા માટે અંબાલી ગામે આવેલ શ્રી માઁ આશ્રમ ખાતે રોકાયું હતું. તેઓ તા. 22/03/2026ના રોજ રાત્રે પરિક્રમા શરૂ કરવાની યોજના મુજબ સવારે નજીકમાં આવેલ અનસુયા મંદિર પાસે મનમંથેશ્વર મહાદેવના મંદિરે પહોંચ્યા હતા. મિત્રોએ મંદિરમાં સાફસૂફી કરી પૂજા અર્ચના કરવાની તૈયારી કરી હતી. ત્યારબાદ નર્મદા સ્નાન માટે નદી કિનારે ગયા હતા. આ દરમિયાન બે-ત્રણ મિત્રો નદીમાં ન્હાવા ઉતર્યા હતા, જ્યારે અન્ય મિત્રો ન્હાવા ની તૈયારી કરી રહ્યા હતા. તે દરમિયાન ન્હાવા ઉતરેલા મિત્રો પૈકી એક 21 વર્ષીય યુવાન અચાનક નદીના જોરદાર વહેણમાં તણાઈ ગયો હતો. મિત્રોને તરતા ન આવડતાં તેઓ બેબસ બની ગયા હતા અને યુવાનને બચાવવા અસમર્થ રહ્યા હતા. ઘટના બનતાં જ મિત્રો દ્વારા તાત્કાલિક પોલીસ હેલ્પલાઈન નંબર 112 પર જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં અંબાલી ગામના સરપંચ તરત જ સ્થળ પર પહોંચ્યા હતા અને શિનોર પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ તુરંત જ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

---

**કાળી તળાઈ નજીક ગરનાળામાંથી લાશ મળી આવતાં મેડિકલ ક્ષેત્રમાં શોકની લાગણી**

## દાહોદમાં ૨૫ વર્ષીય યુવા ડોક્ટરનો આપઘાત, બે દિવસ બાદ મૃતદેહ મળી આવ્યો



(પ્રતિનિધિ) દાહોદ, તા.22
દાહોદ શહેરમાં ૨૫ વર્ષીય યુવા તબીબ ડૉ. ભાર્ગવ ઉમેશ રોઝે અગમ્ય કારણોસર આત્મઘાતી પગલું ભરતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. બે દિવસથી ગુમ રહેલા ડોક્ટરની લાશ કાળી તળાઈ નજીક આવેલા ગરનાળામાંથી મળી આવતા ઘટનાએ ગંભીર વળાંક લીધો છે. પ્રાપ્ત માહિતી મુજબ, ડૉ. ભાર્ગવ રોઝ છેલ્લા બે દિવસથી ગુમ હતા. પરિવારજનો અને પોલીસ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી રહી હતી. દરમિયાન કાળી તળાઈ નજીક ગરનાળામાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતા જ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને કબજે લઈ પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાથમિક માહિતી અનુસાર, યુવા ડોક્ટરે પોતાના હાથમાં કાપા મારી જીવન ટૂંકાવ્યું હોવાની વિગતો સામે આવી રહી છે. ઘટનાને પગલે મેડિકલ ક્ષેત્રમાં ભારે શોકની લાગણી વ્યાપી ગઈ છે.

પુત્રના મૃત્યુના સમાચાર મળતા જ પરિવારજનોમાં માતમ છવાઈ ગયો હતો. બીજી તરફ, યુવા તબીબે આવું આત્મઘાતી પગલું શા માટે ભર્યું તે અંગે અનેક તર્ક-વિતર્ક ચાલી રહ્યા છે. આ સમગ્ર મામલે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

---

**છોટાઉદેપુરમાં હોસ્પિટલ કેમ્પસ બહાર કલાકો સુધી તાંત્રિક વિધિ !**

## મૃતકનો 'આત્મા' લેવા ભુવાને બોલાવ્યો, પંથકમાં હજૂ પણ ભારે અંધશ્રધ્ધા



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.22
ગુજરાતના અંતરિયાળ ગામડાંઓ સહિતના ઘણા વિસ્તારોમાં અંધશ્રદ્ધાની ઘટનાઓ પ્રકાશમાં આવતી હોય છે. જેમાં ઘણી વખત અંધશ્રદ્ધાની આડમાં ભુવા અને તાંત્રિક વિધિ કરતાં વ્યક્તિ હત્યા સહિતના ગુનાને અંજામ આપતા હોવાની ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે છોટાઉદેપુરમાં અંધશ્રદ્ધાનો ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં છોટાઉદેપુરની એક ખાનગી હોસ્પિટલમાં બીમાર દર્દીનું મોત થતા તેના સગા વ્હાલાઓ ભુવાને લઈને મૃતકની 'આત્મા' લેવા પહોંચ્યા હતા. જ્યાં હોસ્પિટલના કેમ્પસની બહાર જ ભુવો પૂજા વિધિ કરતો હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. વાત એમ બની હતી કે છોટાઉદેપુરની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન એક દર્દીનું મૃત્યું નીપજ્યું હતું. દર્દીના મોત બાદ મૃતકનો આત્મા લેવા માટે સગા વ્હાલાઓ એક ભુવાને હોસ્પિટલ લઈ આવ્યા હતા, જ્યાં હોસ્પિટલની બહાર ભુવો પૂજા વિધિ કરતાં કલાકો સુધી ધૂણ્યો હતો. આ દરમિયાન હોસ્પિટલ બહાર મૃતકના પરિવારજનો સહિત ઘણા લોકો ભેગા થયા હતા. ભુવાની વિધિ જોઈને સારવાર માટે આવતા દર્દી-પરિવાર ગભળાટ ફેલાયો હતો. હોસ્પિટલના કેમ્પસની બહાર ભુવા દ્વારા પૂજા-વિધિ કરવાની ઘટનાને પગલે સ્થાનિકોમાં ખળભળાટ મચી ગયો હતો. અંધશ્રદ્ધા આ પ્રકારની ઘટનાને પગલે સરકાર દ્વારા યોગ્ય પગલા લેવામાં આવે તેવું સ્થાનિકોનું કહેવું છે.

---

**મસમોટા ખાડા-ટેકરાવાળા રોડથી વાહનચાલકો નારાજ**

## જેતપુરપાવી વનકુટિર ત્રણ રસ્તા થી રંગલી ચોકડી સુધી રોડની કામગીરીથી કાચબા ગતિએ



(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.22
જેતપુરપાવી તાલુકામાં વનકુટિર ત્રણ રસ્તા થી રંગલી ચોકડી તથા મોડાસર સુધીના નવીન માર્ગની કામગીરી છેલ્લા લાંબા સમયથી ધીમી ગતિએ ચાલી રહી હોવાના કારણે સ્થાનિક લોકોમાં ભારે નારાજગી ફેલાઈ છે. માર્ગ પર દિનપ્રતિદિન વધતા ખાડાઓ, અધૂરી કામગીરી અને ધૂળ-માટીથી વાહનચાલકો તથા રાહદારીઓએ મુશ્કેલી સહન કરવી પડી રહી છે. ઉલ્લેખનીય છે કે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગત ચોમાસા પછી રાજ્યભરમાં તૂટેલા અને ધોવાઈ ગયેલા રોડ રસ્તાઓનું તાત્કાલિક નવીનીકરણ અને સમારકામ કરવાની સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી. છતાં જેતપુરપાવી વિસ્તારમાં ચાલતી રોડ પહોળીકરણ તથા નવીન માર્ગની કામગીરી કાચબાની ગતિએ ચાલતી હોવાનું જોવા મળી રહ્યું છે. ખાસ કરીને વનકુટિર ત્રણ રસ્તા થી રંગલી ચોકડી સુધીનો રોડ પહોળો કરવાની કામગીરી અતિ ધીમી ચાલતા લોકોમાં રોષ વ્યાપ્યો છે.

## હાલોલના પૂર્વ ધારાસભ્ય ઉદેસિંહ બારીયાનું નિધન



(પ્રતિનિધિ) હાલોલ, તા.22
પંચમહાલ જિલ્લાના રાજકારણમાં મોટું સ્થાન ધરાવતા અને હાલોલ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય ઉદેસિંહ મોહનસિંહ બારીયા નું આજરોજ વડોદરા ની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન નિધન થયું છે તેઓ છેલ્લા એક માસ ઉપરાંત થી પિતાશયની બીમારીના કારણે સારવાર હેઠળ હતા કોંગ્રેસનેતા ઉદે સિંહ બારીયા માત્ર 27 વર્ષની નાની વયે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો 1980 થી 2002 સુધી સતત હાલોલ બેઠક ઉપરથી ધારાસભ્ય તરીકે સેવા આપી હતી.

---

**ઇજાગ્રસ્ત યુવકને ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડાયો**

## ડેરોલ સ્ટેશન ખાતે ઘરની સામે જોવા મુદ્દે ઝઘડો, લાકડી વડે હુમલો

ત્રણ વ્યક્તિઓ સામે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ,



(પ્રતિનિધિ) કાલોલ, તા.22
કાલોલ તાલુકાના ડેરોલ સ્ટેશન ભક્તિનગર ખાતે રહેતા કરણસિંહ ફુલસિંહ વણઝારા પોતાના ઘરે હાજર હતા ત્યારે ફળિયામાં રહેતા આદિત્ય માધવભાઈ સોલંકી તેમના ઘર સામે બેસી રહ્યા હતા. આ બાબતે "અમારા ઘર સામે કેમ જોયા કરો છો?" એમ પૂછતાં આદિત્ય ઉશ્કેરાઈ ગયા હતા અને ગંદી ગાળો બોલી ઘરે જઈ બેટ લઈને મારવા દોડી આવ્યા હતા.બુમાબુમ થતાં આદિત્યના પિતા માધવભાઈ ઉર્ફે સંજયભાઈ ભલાભાઈ સોલંકી તથા માતા મંજુલાબેન પણ સ્થળ પર આવી પહોંચ્યા હતા. દરમિયાન માધવભાઈએ ફરિયાદીના પુત્ર ચંદ્રસિંહના માથામાં લાકડીનો ઘા કર્યો હતો, જ્યારે આદિત્યે ગડદા પાટુનો માર માર્યો હતો. ઝઘડો છોડાવવા ગયેલી ભૂમિકાબેનને પણ મંજુલાબેને માર માર્યો હોવાનું જણાવાયું છે.

સાથે જાનથી મારી નાખવાની ધમકીઓ આપ્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. ઈજાગ્રસ્ત ચંદ્રસિંહને પહેલા ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા, ત્યારબાદ કાલોલ રેફરલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ અંગે કરણસિંહ ફુલસિંહ વણઝારાની ફરિયાદના આધારે કાલોલ પોલીસ દ્વારા ગુનો નોંધવામાં આવી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

---

**દાહોદ નગરપાલિકાના વહીવટદાર મિલિંદ દવેની અસરકાર સુચના**

## દાહોદમાં હંગામી દબાણો હટાવવા પોલીસ બંદોબસ્ત સાથે મેગા ડ્રાઈવ શરૂ



(પ્રતિનિધિ) દાહોદ, તા.22
દાહોદ શહેરમાં હંગામી દબાણો હટાવવાની કામગીરીનો દાહોદ નગરપાલિકાના નિયુક્ત કરવામાં આવેલા વહીવટદાર એવા પ્રાંત ઓફિસરના સુચના અને માર્ગદર્શન હેઠળ તેઓની સતત હાજરી વચ્ચે પોલીસ બંદોબસ્ત સાથે દાહોદ પાલિકા તંત્ર દ્વારા આરંભ કરવામાં આવ્યો છે

અને આ કામગીરી આગામી દિવસોમાં સતત પણે ચાલનાર હોવાનું પણ દાહોદ નગરપાલિકાના વહીવટદાર મિલિંદ દવેએ પત્રકારોએ પૂછેલા પ્રશ્નનો જવાબ આપતા જણાવ્યું હતું. દાહોદમાં શાકભાજીના પથારા વાળાઓ તેમજ હાથ લારીવાળા તથા અન્ય હંગામી દબાણકારોના કારણે જટિલ બનતી ટ્રાફિક સમસ્યા અંગેની અવારનવાર મળતી ફરિયાદો અને રજૂઆતોના આધારે દાહોદ નગરપાલિકાના વહીવટદાર મિલિંદ દવેની સુચના અને માર્ગદર્શન હેઠળ તેઓની ઉપસ્થિતિમાં નગરપાલિકા તંત્ર દ્વારા આજે હંગામી દબાણો દૂર કરવા મોટિની ડ્રાઈવનો આરંભ કરવામાં આવ્યો હતો. જેમાં શહેરના સ્ટેશન રોડ તેમજ ઠક્કર ફળિયા ખાતે શાકભાજીની દુકાનો તેમજ ફળફળાદીની લારીઓ અને અન્ય હંગામી દબાણો કોઈની પણ સેહ શરમ રાખ્યા વિના દૂર કરવામાં આવ્યા હતા. આ ટીમ દ્વારા સાથે સાથે પ્રતિબંધિત પ્રકારનો પ્લાસ્ટિકનો જથ્થો પણ જપ્ત કરી તેનો નિકાલ કરવામાં આવ્યો હતો.

સાથે સાથે તે વિસ્તારમાં ટ્રાફિકના નિયમોની ઐસી તૈસી કરી આડેધડ પાર્કિંગ કરેલા વાહનોના માલિકો સામે પોલીસ દ્વારા દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## સુખસર તાલુકાના ગામોમાં વિશ્વ જળ દિવસ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) સુખસર,તા.22
સુખસર તથા ફતેપુરા તાલુકામાં 22 માર્ચ 2026 ના રોજ વાગવાડલા, રાવળનાવરુણા,ઢઢેલા,ડુંગરાના પાણી,લખણપુર,કુંડલા ગામોમાં વાગ્ધારા સંસ્થા દ્વારા ઢોલ,નગારા સાથે વિશ્વ જળ દિવસ કાર્યક્રમની પાણીના સ્ત્રોતની આરતી પુજન સાથે ઉજવણી કરવામાં આવી હતી.આ ગામોમાં સંગઠનના સભ્યો દ્વારા વિશ્વ જળ દિવસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.તેમજ "જલ હી જીવન હૈ,જલ છે તો કાલ" છે,એ વાતને ધ્યાનમાં રાખી અને ભવિષ્યમાં પાણીની અછતને પહોંચી વળવા માટે પાણીનો બચાવ કરવા માટે વિવિધ પ્રકારના ઉદાહરણો અને દાખલાઓ આપી ગ્રામ્ય જનતાને વિસ્તારપૂર્વક સમજણ આપવામાં આવી હતી.

---

**મૃતક આધેડ વડોદરાના બરાનપુરાના હોવાનુ તપાસમાં ખુલ્યુ**

## હાલોલના કણજરી પાસે નર્મદા કેનાલમાં આધેડે ઝંપલાવ્યુ

(પ્રતિનિધિ) હાલોલ, તા.22
ગતરોજ મોડી સાંજે હાલોલની ગ્રામ્ય પોલીસને માહિતી મળી હતી કે રાજપુરા ગામ પાસે થી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાં કોઈ ઈસમ અગમ્ય કારણોસર કૂદી પડ્યો હોવાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી પોલીસે તપાસ કરતા કેનાલની નજીક માં એક બર્ગમેન સ્કૂટર મળી આવ્યું હતુ જેમા કેનાલમાં કૂદી પડેલા ઈસમનું લાયસન્સ મળી આવતા પોલીસને જાણવા મળ્યુ હતુ કે આ ઈસમ સંજય શિવાજીરાવ ખાંડેકર ઉ. વ.૫૧ રહે.સિદ્ધિવિનાયક એપાર્ટમેન્ટ જયસ્વાલ ભવન પાછળ બરાનપૂરા વડોદરા હોવાનું જાણવા મળી આવ્યું હતુ જ્યારે બીજી તરફ સંજય ખાંડેકર સવારે નવ કલાકે પોતાનું સ્કૂટર લઈને હું આવું છું તેમ કહી નીકળેલ બપોર સુધી ઘરે ન આવતા તેમની પત્ની એ સંજયભાઈ ને ફોન કર્યો હતો તે ફોન રીસીવ ન કરતા તેમણે તેમના પુત્રને ફોન કરીને જણાવ્યું હતું કે તારા પપ્પા હજુ ઘરે આવ્યા નથી અને ફોન કરુ તો ઉપાડતા નથી જેથી તેમના પુત્ર એ સંજયભાઈને ફોન કરતા તેમણે ફોન પર વાત કરી હતી અને જણાવ્યું હતું કે થોડીવારમાં ઘરે આવું છું ત્યારબાદ હાલોલ પોલીસે ઓળખ છતી થયા બાદ સંજયભાઈ ના પરિવાર ને જાણ કરતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા જોકે ત્યાં સુધી માં પોલીસે હાલોલ ફાયર બ્રિગેડ ની ટીમની મદદ થી તેની શોધખોળ આદરતા સંજયભાઈ નો મૃતદેહ મળી આવતા તેને બહાર કાઢ્યો હતો.